ગાંધીનગર સમાચાર

માર્ગ-મકાન વિભાગે જુદી જુદી યોજનાઓ હેઠળ ૧૭ કરોડના કામો મંજૂર કર્યા

# સે-૧૭માં છ-કક્ષાના ૩૬ ભયજનક મકાનો તોડવાનુ કામ આરંભાયું

## અગાઉ હાથ ધરાયેલા સર્વે દરમિયાન મકાનો ભયજનક હોવાનુ ધ્યાને આવ્યુ હતુ : હજુ જ કેટેગરીના પણ જોખમી મકાનો તોડી નંખાશે

ગાંધીનગર તા ૪

સે-૧૭ માં ભયજનક બ્લોક તોડવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. વિભાગ દ્વારા અગાઉ હાથ ધરાયેલા સર્વે અન્વયે સેકટરમાં ચાર બ્લોક જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ બ્લોક તોડી નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે.આગામી દોઢ મહીનામાં છ કેટેગરીના ૩૬ મકાનોનો કડુસલો કરી દેવાશે. જયારે આ ઉપરાંત પણ સેકટરમાં ભયજનક માલુમ પડેલા જ કેટેગરીના અન્ય મકાનો પણ તબક્કાવાર તોડવામાં આવશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. અગાઉ દાયકા પુર્વે નિકાલ હેઠળના જાહેર કરાયેલા ૧૯૦૦ જેટલા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જેમાં સે-૭,૨૯ અને સે-૩૦ સહીતના વિસ્તારમાં મકાનો તોડી નંખાયા બાદ હાલ નવા આવાસો બાંધવાનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. આગામી જુલાઈ મહીનામાં નવી આવાસ યોજના તૈયાર કરી દેવાશે. આ નવી ટાવર કોલોની પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. બીજીતરફ સેકટરોમાં હજુ પણ ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોય તેવા આવાસો અંગે તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો છે. જયારે જોખમી માલુમ પડતા આવસોને તબક્કાવાર તોડી નાંખવામાં આવશે. થોડા સમય અગાઉ સે-૭ માં પણ આ પ્રકારના આવાસો તોડી નાંખવામાં આવ્યા હતા. દાયકાઓ જુના મોટાભાગના મકાનો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાના લીધે તંત્ર દ્વારા હાથ ધરાયેલા સર્વેના અંતે કેટેગરીના વિવિધ મકાનોનો નિકાલ કરવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી લીધા બાદ તોડવાનુ કામ હાથ ધરાય છે. સે-૧૭ માં પણ હાલ છ કેટેગરીના ૩૬ મકાનો તોડવા માટે કામગીરી શરૂ કરી દેવાઈ છે. સેકટરમાં સ્થિત છ કેટેગરીના બ્લોક નં-૫૭,૫૮, અને બ્લોક નં-૬૫,૬૬ ને તોડવાનુ કામ ચાલી રહયુ છે. આગામી દોઢ મહીનામાં મકાનો તોડવાનુ કામ પુર્ણ કરી દેવાશે. જયારે સેકટરમાં સ્થિત અન્ય પણ જ કક્ષાના ભયજનક મકાનો તોડી નાંખવામાં આવશે.



વાતાવરણ બદલાયું - ગાંધીનગર સહિત રાજ્યભરમાં વાતાવરણ બદલાયું હતું... દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી અને ગઈકાલે સાંજે લઘુતમ તાપમાન ૧૫.૮ ડિગ્રી નોંધાયું હતું... શિયાળો ધીમે પગલે વિદાય લઈ રહ્યો છે... અને ગરમી આરંભાઈ હોય એવો અહેસાસ થાય છે... આકાશમાં શનિવારે દિવસભર વાદળોની અવરજવર રહી હતી... રાજ્યના કેટલાક વિસ્તારોમાં માવઠાના સમાચાર પણ નોંધાયા છે... આમ એક જ દિવસમાં ત્રણ ૠતુનો અનુભવ થઈ રહ્યો છે... મોડીરાત્રે ઠંડી, બપોરે ગરમી અને સાંજે વરસાદી વાતાવરણ સર્જાય છે... હજુ બે દિવસ વાતાવરણ બદલાયું રહેશે એમ હવામાન ખાતું કહે છે...

# સે-૨૮/૨૯ના અપડાઉન કરતા મુસાફરોને સરખેજ રૂટની બસ મળતી નથી

## નોકરીયાત અને વિદ્યાર્થીઓની બસ સેવા છીનવાતા આક્રોશ : ડેપો કક્ષાએથી પણ ઉડાઉ જવાબ મળે છે

ગાંધીનગર તા ૪

જુના સેકટરોમાંથી સરખેજ રૂટની બસ ન મળતા અપડાઉન કર્તાઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સે-૨૮ અને ૨૯ માં સવારે ૯ વાગ્યાની સરખેજ રૂટની બસ બંધ થઈ ગઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે આ મામલે ડેપો કક્ષાએથી પણ મુસાફરોને યોગ્ય જવાબ મળતો નથી. સરખેજથી પરત થવા માટે પણ સાંજના સમયે બસ ન મળતા મુસાફરો કલાકો સુધી ઘરે પહોંચતા ન હોવાનો રોષ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે રોજબરોજ અપડાઉન કરતા મુસાફરોની સંખ્યા વિશેષ છે. જયારે એસ ટી ની સલામત સવારી પર્યાપ્ત ન હોવાથી અપડાઉનકર્તાઓએ ખાનગી વાહનોમાં પણ જોખમી મુસાફરી કરવી પડતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી જુના સેકટરોમાંથી દોડતી સરખેજ રૂટની બસો પણ અનિયમિત થઈ ગઈ છે. છેલ્લા ઘણાં સમયથી સે-૨૮ અને ૨૯ ના બસ સ્ટોપ પરથી ઉપડતી સરખેજ રૂટની બસ બંધ થઈ ગઈ હોવાનો આક્રોશ મુસાફરો ઠાલવી રહયા છે. જેના પરિણામે સરખેજ જતા અપડાઉન કર્તાઓએ પારવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. બસ સેવા માટે વલખા મારવા પડે છે. જયારે રાત્રિના સમયે પરત થતી વેળાએ પણ બસ મળતી નથી. જેથી નોકરીયાત સહીતના અપડાઉન કર્તાઓ પોતાના ઘરે બે કલાક સુધી ઘરે પહોંચતા નથી. આ મામલે એસ ટી ડેપોના તંત્રને જાણ કરતા યોગ્ય જવાબ મળતો નથી. બીજીતરફ ડ્રાઈવર કંડકટરની ઘટના લીધે સરખેજ રૂટની બસ સેવા પ્રભાવિત થઈ હોવાનુ મનાઈ રહયુ છે.

# માર્ગ-મકાન વિભાગે જુદી જુદી યોજનાઓ હેઠળ ૧૭ કરોડના કામો મંજૂર કર્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં સુવિધા પથ અંતર્ગત ૭ માર્ગોના રૂ. ૧.૯૦કરોડના કામોને રાજય સરકારના માર્ગ-મકાન વિભાગે મંજૂરી આપી છે.

ગાંધીનગર અને દહેગામ તાલુકામાં સુવિધા પથ અંતર્ગત આ માર્ગો કરવામાં આવનાર છે જેમાં દહેગામના ૪ અને ગાંધીનગરના ૩ માર્ગોનો સમાવેશ થાય છે. આ સુવિધા પથ જિલ્લાના મુખ્ય માર્ગ સાથે જોડાતાં આંતરમાળખાકીય સુવિધાનો વિકાસ થશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત દહેગામમાં વધુ બે માર્ગોનું રૂ. ૨ કરોડ ૫૭ લાખના કામોને પણ મંજૂરી આપવામાં આવી છે.

માર્ગમકાન વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે ખાસ મરામત પ્લાન અંતર્ગત ૧૭.૯૦ કિ.મી.ના ચારેય તાલુકાના રૂ. ૪ કરોડ ૧૫ લાખના અંદાજિત ખર્ચના ૭ માર્ગોને પણ મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત ગાંધીનગર, કલોલ અને દહેગામ તાલુકામાં ૬ કરોડ ૮૫ લાખના સ્ટ્રક્ચરના કામોને પણ વિભાગે મંજૂરી આપી છે.

જે કામો ખાસ મરામત હેઠળ સમાવવામાં આવ્યા છે તેમાં કલોલ-ગાંધીનગર વાયા ટીંટોડા ભોયણરાઠોડ તારાપુરથી ટીંટોડા માર્ગ, કલોલ પલસાણા જાસપુર માર્ગ, પરબતપુરા, ભીમપુરા માર્ગ, અહમદપુરથી સલડી રોડનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ૧૭ કરોડથી પણ વધુના ખર્ચે આંતર માળખાકીય સુવિધાના સુદઢીકરણના કામોને મંજૂરી મળતાં આ કામો ટુંકમાં જ શરૂ કરવામાં આવશે.

# ઈન્દિરા આવાસ યોજનાનો લક્ષ્યાંક પૂર્ણ કરવા રિસોર્સ પર્સનને રોકડ પુરસ્કાર

## ઉદાસીનતાથી થાકેલા તંત્રએ લક્ષ્યાંક સિદ્ધિ માટે નવો અભિગમ અપનાવ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના કામો ત્રણ સપ્તાહમાં જ પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા રિસોર્સ પર્સનની નિયુક્તી કરવા ઉપરાંત તેમને વિશેષ રોકડ પુરસ્કાર આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૮૩ જેટલા ઈન્દિરા આવાસ યોજનાના કામો સ્પીલ ઓવર થયેલા જણાયા છે. જેમાં દહેગામના ૫૦, ગાંધીનગરના ૧૭, કલોલના ૯ અને માણસાના ૬નો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ૮ જેટલા રિસોર્સ પર્સનની નિયુક્તી કરવામાં આવી છે અને તેમને જુદા જુદા ગામના આ સ્પીલ ઓવર થયેલા કામો ઝડપથી પૂર્ણ થાય તે જોવા માટે જણાવાયું છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એક સપ્તાહમાં કામ પૂરા કરનાર રિસોર્સ પર્સનને રૂ. ૫૦૦ બે સપ્તાહમાં કામ પૂર્ણ કરનાર રિસોર્સ પર્સનને રૂ. ૨૦૦ અને ત્રણ સપ્તાહમાં કામ પૂર્ણ કરનારને રૂ. ૧૦૦નો રોકડ પુરસ્કાર મકાન દીઠ આપવામાં આવશે.

જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાના કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે અધિકારીઓને વારંવાર સૂચના, તાકીદ અને નોટીસો આપવામાં આવી છે. હવે તંત્રએ તદ્દન નવતર અભિગમ લક્ષ્યાંક સિદ્ધિ માટે અપનાવ્યો છે.

રિસોર્સ પર્સનની નિયુક્તીના હુકમો પણ કરી દેવામાં આવ્યાનું જાણવા મળેલ છે. તેમજ તેમના આ હુકમમાં જ રોકડ પુરસ્કાર આપવાની વાત પણ કરવામાં આવી છે.

# ગુજરાતમાં ૪.૪૮ લાખ નવા મતદારો ઉમેરાયા

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં વર્ષ ૨૦૧૭ના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાનાર છે ત્યારે મતદારયાદી સુધારણા કાર્યક્રમ હાલ જારી છે. ગુજરાતમાં ૪.૪૮ લાખ નવા મતદારો ઉમેરાઈ ગયા છે. નવા આંકડા સપાટી ઉપર આવ્યા છે. આ વખતે ૧૮-૧૯ વર્ષની વય જુથમાં ૪.૪૮ લાખ મતદાતા પ્રથમવાર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં ૨.૮૧ લાખ પુરુષ મતદારોની સરખામણીમાં માત્ર ૧.૬૬ લાખ મહિલા મતદારો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો આ ફક્ત ૩૭ ટકા છે. જે ચિંતાનો વિષય છે. જે મહિલા અને પુરુષના લિંગ ગુણોત્તરમાં મોટો તફાવત દર્શાવે છે. આ યાદીમાં રાજ્યનો બનાસકાંઠા જિલ્લો પ્રથમ ક્રમે છે. જ્યાં માત્ર ૬૭૪૮ નવા મહિલા મતદારો ઉમેરાયા છે.



**પ્રભુ પ્રાર્થના**

અમારા શીરછત્ર બ્રહ્મર્ષી
**શ્રી જગદીશ સોમનાથ દવે**
તા. ૦૨-૦૨-૨૦૧૭ને ગુરૂવારના રોજ શિવલોક પામ્યા છે. સદ્‌ગતની
**પ્રભુ પ્રાર્થના (બેસણું)**
તારીખ: ૦૬-૦૨-૨૦૧૭ ને સોમવારે
સમય: સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ રાખેલ છે.
સ્થળ: કોમન પ્લોટ, સંસ્કાર ભારતી સોસાયટી, પલ્લવ ચાર રસ્તા, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન નં: ૯૮૨૪૦૫૦૦૦૦, ૯૮૨૫૩૧૨૧૨૧
શ્રીમતી કંચન જગદીશ દવે
યજ્ઞેશ જગદીશ દવે (મહામંત્રી સ. ગુ. બ્રહ્મસમાજ,ગુજરાત) (બ્રહ્મવિકાસ આયોગ સમિતી)
અજય જગદીશ દવે (તંત્રી સૂર્યકાલ દૈનિક, S-Live, આક્રોશ સાપ્તાહિક)
ભાવિની રાજેશકુમાર જાની (આંચલ ડીઝાઇનીંગ સ્ટુડીયો)
ISL GUJARAT INDIA - USA | Bharat Petroleum Nehru Bridge Ashram Road | સાંધ્ય દૈનિક સૂર્યકાલ | S Live web channel | સાપ્તાહિક આક્રોશ

# સ્વર્ગસ્થ ત્રિભોવનભાઈ અમીનના ધર્મપત્ની હીરાબેનનું અવસાન



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંકના સ્થાપક સ્વર્ગસ્થ ત્રિભોવનદાસ અમીનના ધર્મપત્ની હિરાબેન અમીનનું શનિવારે બપોરે ટુંકી માંદગી બાદ ૯૫ વર્ષની વયે અવસાન થયું હતું. મોડી સાંજે સદ્‌ગતની નીકળેલી અંતિમ યાત્રામાં શહેરના આગેવાનો અને કુટુંબીજનો જોડાયા હતા.

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **મગનલાલ જી. પરમાર** (નિવૃત્ત મુખ્ય ઈજનેર, પા.પૂ. બોર્ડ) તા. ૩૧/૧/૨૦૧૭ને મંગળવારના રોજ અક્ષર નિવાસી થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૬/૨/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

રહેઠાણ : પ્લોટ નં. ૯૧૩/૧, સેક્ટર-૪/ડી, ગ-૨ની ચોકડી પાસે, ગાંધીનગર. **ફોન : ૨૩૨૨૮૩૧૧**

લિ.
**હિતેન્દ્ર મગનલાલ પરમાર**







www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
**ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com